# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૬/ 8786 તા.૨૫/૦૬/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક શાળાઓ, તમામ
સુરત. જિ. સુરત

**વિષય:-** પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાના અમલીકરણ બાબત.

**સંદર્ભ:-** પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં. DPE/ Otr/ e-file/105/2026/2804/Sankalan તા.૧૦/૦૬/૨૦૨૬ પત્ર અન્વયે.

આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક નં. DPE/ Otr/e-file/105/2026/2804/Sankalan તા.૧૦/૦૬/૨૦૨૬ અન્વયે. શાળાઓના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની યોજનાનો સત્વરે નિકાલ થાય તે અન્વયે શાળાઓને અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

ક્રમાંકઃ DPE/Otr/e-file/105/2026/2804/Sankalan
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર.

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલીકરણ બાબત.
સંદર્ભઃ- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- **DDCW/EDU/e-file/225/2026/1464/ K-Branch-Education-Mino** તા.૨૦/૦૫/૨૦૨૬

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજય ગાંધીનગર પ્રભાગ દ્વારા રાજયમાં આવેલ સરકારી / ગ્રાન્ટ-ઇન-એઈડ શાળાઓમાં બાલવાટીકા તેમજ ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને રાજય / કેન્દ્ર સરકારશ્રીની શિષ્યવૃતિ/ગણવેશ સહાયની યોજના અમલીકરણમાં મુકવામાં આવેલ છે. આ તમામ યોજનાઓનું સંચાલન 'ડિજિટલ ગુજરાત' **(Digital Gujarat)** પોર્ટલ મારફતે કરવામાં આવે છે. આ યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર સહાયની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર **(DBT)** ના માધ્યમથી સીધા જ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ગુજરાત સરકાર દ્વારા આગામી સમયમાં 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવ દરમિયાન જ બાલવાટીકા તથા ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમયસર ચૂકવી શકાય તે માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ તા.૦૧/૦૬/૨૦૨૬થી ઓપન કરી દેવામાં આવેલ છે. આથી શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકશ્રીઓને જરૂરી ડેટા એન્ટ્રી અને વેરિફિકેશનની કામગીરી સમયસર પૂર્ણ કરવા બાબતે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાના:-**
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

nature valid
by:B.D.Baria
Director of Education (Plan)
026.06.21
00 +5:30

: DDCW/0249/05/2026 Approved Date: 20-05-2026

# નિયામક, વિકસતી જાતિ કલ્યાણ

બ્લોક નં-૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં.- ૦૭૯-૨૩૨૫૩૨૪૫/૪૭/૪૯/૫૧/૬૫
Email:- dire-dcw@gujarat.gov.in

27 MAY 2026

પ્રતિ,

નિયામકશ્રી,

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

ગ્રાઉન્ડ ફ્લોર, વિધા સમીક્ષા કેન્દ્ર,

સેક્ટર-19, ગુ.રા. ગાંધીનગર.

વિષય :- પ્રિ – મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલીકરણ બાબત

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર પ્રભાગ દ્વારા રાજ્યમાં આવેલ સરકારી / ગ્રાન્ટ-ઇન-એઈડ શાળાઓમાં બાલવાટીકા તેમજ ધો:- ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને રાજ્ય / કેન્દ્ર સરકારશ્રીની શિષ્યવૃતિ / ગણવેશ સહાયની યોજના અમલીકરણમાં મૂકવામાં આવેલ છે. આ તમામ યોજનાઓનું સંચાલન 'ડિજિટલ ગુજરાત' (Digital Gujarat) પોર્ટલ મારફતે કરવામાં આવે છે. આ યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર સહાયની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) ના માધ્યમથી સીધા જ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરાવવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ગુજરાત સરકાર દ્વારા આગામી સમયમાં'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવ દરમિયાન જ બાલવાટીકા તથા ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની રકમ સમયસર ચૂકવી શકાય તે માટે ડિજીટલ ગુજરાત પોર્ટલ તા.૦૧/૦૬/૨૦૨૬થી ઓપન કરી દેવામાં આવશે. આથી આપની કક્ષાએથી તાબાની તમામ શાળાઓના આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકશ્રીઓને જરૂરી ડેટા એન્ટ્રી અને વેરિફિકેશનની કામગીરી સમયસર પૂર્ણ કરવા બાબતે સત્વરે વહીવટી સૂચનાઓ જારી કરવા નમ્ર વિનંતી છે. તેમજ પ્રવેશોત્સવ વખતની આપની સૂચનાઓ/પરિપત્રમાં આ બાબતને સામેલ કરવા વિનંતી છે.

(વિક્રમસિંહ જાદવ)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય

Signature valid
Signed by : VIKRAMSINH K JADAV
Director
Directorate of Developing Caste Welfare
Date : 2026.05.20 17:47:41 IST

File No: DDCW/EDU/e-file/225/2026/1464/K-Branch-Education-Mino
Approved By: Director,DDCW

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

**અગત્યનું**

**તાત્કાલિક**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત
આવક નંબર :- 9635
તારીખ :- 18/6/26
શાખા :- મા-૨

નંમક/આવિ/પ્રિ મેટ્રીક/૧૩૭૩ થી ૧૩૭૭/૨૦૨૬
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેકસ નં. (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
Mail ID : vosurat@gmail.com
તા.૧૬/૦૬/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની તમામ પ્રાથમિકઅને માધ્યમિક શાળાઓ
જિ.સુરત

**વિષય-** ધો-૧ થી ૧૦ ના આદિજાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપની દરખાસ્ત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર બનાવવા બાબત (વર્ષ -૨૦૨૫-૨૬)

સંદર્ભ- અત્રેની કચેરીના પત્રક્રમાંક નંમક/આવિ/પ્રિ મેટ્રિક/૩૮૮૯ થી ૯૩ તા. ૨૬/૦૫/૨૦૨૬

જયભારત સહ ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીને NIC તરફથી પ્રાપ્ત થયેલ ડેટા અનુસાર ગુજરાત સરકારની યોજના અંતર્ગત ધોરણ-૧ થી ૮ મા ૧૯ અરજીઓ અને ભારત સરકારની યોજના અંતર્ગત ધોરણ-૯ અને ૧૦ માં ૧૫૨૫ અરજીઓ આપના પ્રિન્સિપલ લેવલ પર પેન્ડિંગ જણાય છે જે પૂર્ણ કરવા જણાવેલ છતા આપની કક્ષાએથી આ બાબતને ગંભીરતાથી લેવામાં આવેલ નથી. આથી આપની સંસ્થાના આદિજાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપની દરખાસ્ત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર બનાવી અત્રેની કચેરીને ઓનલાઇન મોકલી આપવાની કાર્યવાહી દિન-૧ માં પુર્ણ કરવા વિનંતી છે. જો સદર કાર્યવાહી કરવામાં વિલંબ થશે અને વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ થી વંચિત રહી જશે તો તે અંગેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ. જે જાણવા વિનંતી.

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ-સુરત

**નકલ જયભારત સહ રવાના –**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત

(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

૨/- સદર બાબત આપશ્રીની સુચના સાથે આપશ્રીની વેબસાઇટ પર મુકવા સારૂ.